# ચાર સુવાર્તામાં પ્રભુ ઈસુની સાક્ષી

સરખાપણુ અને જુદાપણુ


બાળકોને શીખવનારે સ્ટડી વાંચવો.

**પ્રાર્થના :** અને દેવના વચન દ્વારા **તૈયારી કરો.**

**પ્રાર્થના :** પવિત્ર પિતાજી તમે તમારા દિકરા ઈસુ વિષે અમને સાક્ષી આપી છે અને અમને ચાર સુવાર્તાઓ આપી છે. તેને સમજવાને માટે, આધીન થવા માટે અને બીજાઓને શીખવવાને માટે અમને કૃપા આપો.

**૧. પશ્ચાત ભૂમિકા**

- પ્રાચીન સમયથી એક જણની સાક્ષી કરતા વધારે સાક્ષીઓને મજબુત ગણવામાં આવી છે. મુસાના નિયમ પ્રમાણે ન્યાયની પ્રક્રિયામાટે બે કે ત્રણ સાક્ષીઓ જરૂરી હતા.
- ઈસુના જીવન અને શિક્ષણ માટે પવિત્ર આત્માએ આપણને ચાર સાક્ષીઓ આપ્યા છે. માત્થી, માર્ક, લુક અને યોહાન ચાર સુવાર્તાનું સંકલન કરનાર અને લેખકો છે.
- ચારે સુવાર્તાના લેખકો પ્રભુ ઈસુ આ પૃથ્વી પર હતા ત્યારે જીવતા હતા. તેમાંના ત્રણ તો ઈસુને સારી રીતે ઓળખતા હતા અને લુકે ઈસુ વિષેના સત્યોનું સંશોધન કર્યું હતું (લુક ૧:૧-૩)આમ આ ચાર સુવાર્તાઓ આંખે દેખ્યો હેવાલ છે અને ખૂબજ મજબૂત પૂરાવો છે.
- ચારે સુવાર્તામાં કેટલાંક પ્રસંગોનો સમાવેશ ચારે લેખકોએ કર્યો છે અને દરેક સુવાર્તાના લેખકે વધારાની બાબત ઉમેરી છે જે બીજાએ છોડી દીધી છે. આમ બધા સંમત થાય છે કે ચારે સુવાર્તાઓ સત્ય હકીકત જે બની ગયેલ છે તે રજુ કરે છે.
- સેંકડો વર્ષો પછી બીજા ધર્મોએ ઈસુની વાતને બદલી નાખવાના પ્રયત્નો કર્યા પણ આપણે મૂળ ચાર સુવાર્તા ઉપર જ વિશ્વાસ કરીએ છીએ.



*૧૭મી સદીનું પ્રખ્યાત પેન્ટીંગ*

**લુક ૧ : ૧ - ૪** ઉપરથી સુવાર્તાઓ ક્યાંથી આવી તે શોધો.

ચારે સુવાર્તાના લેખકોના નામ અને તેમના વ્યક્તિત્વના લક્ષણો **યાદ રાખો.**

**માર્ક**

- જ્યારે ઈસુને વધસ્તંભે જડવામાં આવ્યા ત્યારે માર્ક જુવાન હતો.
- તે યહુદી હતો. તેણે ઈસુને જોયા હતા અને પ્રેરિત પિતરને સારી રીતે જાણતો હતો.
- પાછળથી તેણે પાઉલ સાથે સેવા કરી. બીજાઓએ પોતાની સુવાર્તાઓ લખી તે કરતાં તેણે વહેલી લખી હતી.
- આ સૌથી ટૂંકી સુવાર્તા છે અને પ્રભુ ઈસુના કાર્યો અને પ્રવૃત્તિઓને તેણે સમાવેશ કર્યો છે. રોમના લોકો અધિકારનો આદર કરતા અને તેમને ખાસ માર્કની સુવાર્તા ગમતી હતી.

**માત્થી**

- માત્થી એક નિષ્ઠાવાન યહુદી હતો અને ઈસુએ તેને 'મારી પાછળ આવ' એમ કહ્યું ત્યાં સુધી તે જકાત ઉઘરાવનાર હતો.
- માર્કની સુવાર્તાના કેટલાક ભાગ અને તે વ્યક્તિગત જાણતો હતો તેવી બાબતો તેણે પોતાની સુવાર્તામાં સમાવી છે.
- તેણે ઈસુ વિષેના પુષ્કળ બનાવો અને માહિતિઓ રજુ કર્યા છે જે યહુદીઓ સારી રીતે સમજી શકે છે.

**લુક**

- લુક એક બિનયહુદી ડોક્ટર હતો. અને ઈસુના મરણ અને પુનરૂત્થાન પછી તે વિશ્વાસી બન્યો હતો.
- તેણે પ્રેરિત પાઉલ સાથે મુસાફરી કરી હતી અને પાઉલ જ્યારે યહુદાના બંદિખાનામાં હતો ત્યારે લુક ત્યાં ગયો હતો અને ઈસુ વિષેના આંખે દેખ્યા પ્રસંગો મેળવ્યા હતા.
- લુકે ઈસુ વિષેની અને જે લોકોને તે મળ્યો તેમના વિષેની ઘણી માહિતિનું વર્ણન કર્યું છે. તેણે બતાવ્યું છે કે યહુદામાં ઘણા નજરે જોનાર સાક્ષીઓને મળીને મેં કાળજીપૂર્વક માહિતિ એકત્ર કરી છે.
- બિનયહુદીઓને આકર્ષણરૂપ ઘણાં ઐતિહાસિક અને વૈદકીય તથ્યોનો સમાવેશ તેણે પોતની સુવાર્તામાં કર્યો છે.

**યોહાન**

- ઈસુને મળ્યા અગાઉ યોહાન, તે યોહાન બાપ્તિસ્મા કરનારનો શિષ્ય હતો. પાછળથી તે ઈસુનો સૌથી નિષ્ઠાવાન શિષ્ય બન્યો હતો.
- યોહાન ઘણું લાંબુ જીવ્યો. તેના મરણ પહેલા તેણે પોતાની સુવાર્તા લખી અને બીજા સુવાર્તા લેખકોએ ના લખી હોય તેવી બાબતો તેણે જણાવી.
- તેણે ઈસુના લાંબા વાર્તાલાપો લખ્યા છે કે જે દરેક ખ્રિસ્તી મતવાળાઓ વાંચવામાં આનંદ અનુભવે છે.

  ઈસુના જીવનના ઘણાં પ્રંસગો, તેનું શિક્ષણ, આજ્ઞાઓ અને પ્રતિજ્ઞાઓ ચારે સુવાર્તામાં પ્રસ્તુત થાય છે.
- ચારે સુવાર્તામાં પ્રભુ ઈસુના વધસ્તંભે જડાવાનો, દફનનો, તે કેવીરીતે પાછો ઉઠ્યો તેનો અને ઘણા સાક્ષીઓને તે દેખાયો તેનો હેવાલ છે.
- ચારે સુવાર્તામાંથી વાંચવુ અને કહેવું એ બીજાઓને સુવાર્તા આપવા માટેનો સૌથી અસરકારક માર્ગ છે.

**૨. તમારા સાથીદારો સાથે આવનાર અઠવાડિયાની પ્રવૃત્તિઓનું આયોજન કરો.**

ચારે સુવાર્તાના લેખકો કોણ હતા અને તેમના લખાણોમાં મળતાપણું અને ભિન્નતા અંગેની ચર્ચા કરો.

- વિશ્વાસીઓ અને અવિશ્વાસીઓના ઘરોની મુલાકાત લો.

- બધાંને કહો કે ચારે સુવાર્તાઓ ઈસુને ઓળખનાર લોકો મારફતે લખવામાં આવેલી સાચી વાતો છે.
- અવિશ્વાસીઓને વાંચવા માટે એક સુવાર્તા આપવી.
- વિશ્વાસીઓ કોઈ એક સુવાર્તાનો અભ્યાસ કરે તેવી યોજના આપવી.

**૩. હવેની ભજનસેવા માટે સાથીદારો સાથે આયોજન કરો.**

બાળકોને તેમનું નાટક અને પ્રશ્નો રજુ કરવા દો.

**સમજાવો** કે ચાર સુવાર્તા એ સાચો ઈતિહાસ રજુ કરતી વાતો છે.

અન્યધર્મોના પુસ્તકો કે જેમાં જૂઠા દેવોની વાર્તાઓ અથવા કોઈની કલ્પનાઓ હોય તેનાથી તદ્દન જુદી જ છે.

ચાર વિશ્વાસીઓ માર્ક,માત્થી,લુક અને યોહાન તરીકે રજુ થાય. તેઓ પોતાની ઓળખાણ આપે અને તેઓના વિષેના તથ્યો જે ભાગ-૧માં આપવામાં આવેલાં છે તે સમજાવે.

**માર્ક** : હું માર્ક છું. પાઉલ અને બાર્નાબાસ સાથેની પ્રથમ મિશનેરી મુસાફરીમાંથી હું પાછો ફર્યો હતો પણ પછીથી મને ભય લાગ્યું અને હું પાછો ગયો. પાઉલ લાંબા સમયસુધી નારાજ રહ્યો હતો પણ છેવટે તેણે મને માફી આપી અને મને સહાયક તરીકે લીધો.

**માત્થી** : હું પ્રેરિત માત્થી છું. મને લેવી પણ કહેછે. રોમનો માટે હું કર ઉઘરાવતો હતો. તેને કારણે યહુદીઓ મારો ધિક્કાર કરતા હતા. મને ઈસુ મળ્યો ત્યાં સુધી મારે પુષ્કળ ભૂંડા મિત્રો હતા.

**લુક** : હું ડો.લુક એક ડોક્ટર છું. ઘણાં ગ્રીકોની જેમ મને ઈસુના શિક્ષણ ઉપર ખૂબ પ્રેમ છે. પાઉલની કેટલીક મિશનેરી મુસાફરીઓમાં હું તેની સાથે રહ્યો હતો. જ્યારે ઈસુની સુવાર્તા કહેવામાં આવે ત્યારે પવિત્ર આત્મા મારફતે લોકોને બદલાઈ જતા મેં જોયા છે અને આમ નવી મંડળી તરીકે તેઓ ભેગા થતા હતા.

**યોહાન** : હું યોહાન, ઈસુની ખાલીકબર પર જનાર પહેલો શિષ્ય છું. હું એક જ શિષ્ય છું જે શહીદ થયો નથી. દેવે મને ખૂબ લાંબુ આયુષ્ય આપ્યું, જો કે બંદિખાનામાં પણ ઈસુનું પ્રક્ટીકરણ પામવા માટે.

સુવાર્તાઓ મારફતે કેવો આશિર્વાદ મળ્યોતે વિશ્વાસીઓને જોરથી કહેવા દો.

**પ્રભુની મેજ** માટે માત.૨૭:૨૭-૩૧ વાંચો. ઈસુને થયેલી શિક્ષા આપણા પાપને માટે હતી તે સમજાવો. તેણે દુ:ખ વેઠ્યું અને આપણે માટે મરણ પામ્યો. જ્યારે આપણે મેજમાં ભાગ લઈએ છીએ ત્યારે તેનું સ્મરણ કરીએ છીએ.


યો.૮:૩૧-૩૨ બધા **મુખપાઠ કરો.**

લીન્ડીસ્ફેરન ગોસ્પલ તરીકે ઓળખાતી ચાર સુવાર્તાના ચિત્રો


માત્થી


માર્ક


લૂક


યોહાન

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net